# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **વર્ષ 2030માં રાષ્ટ્રમંડળ રમત અમદાવાદમાં યોજાશે – ગ્લાસગોમાં રાષ્ટ્રમંડળની સામાન્ય સભામાં જાહેરાત**
2. **દેવભૂમિદ્વારકાના ઓખા અને કાનાલુસ ડબલિંગ રેલવેલાઈને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી**
3. **રાજ્યભરમાં S.I.R.ની કામગીરી પૂરજોશમાં – આગામી 29 અને 30 તારીખે તાલુકા સ્તરની શિબિર યોજાશે.**
4. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશમાં લાગુ કરાયેલી નવી શ્રમ સંહિતાએ સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ – કરમસદથી કેવડીયા સુધીની રાષ્ટ્રીય પદયાત્રાનો પ્રારંભ.**
5. **હૈદરાબાદમાં રમાયેલી ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં સર્વિસીઝ સામે ગુજરાતની ટીમનો વિજય.**

-----------------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# COMMONWEALTH AMDAVAD

૨૦30માં ૧૦૦મી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૦ માં નવી દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સ પછી આ ભારતની બીજી કોમનવેલ્થ ગેમ્સ હશે.

ગ્લાસગોમાં જનરલ એસેમ્બલીમાં ૭૪ કોમનવેલ્થ દેશોના પ્રતિનિધિઓ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદનું વિઝન ગ્લાસગો ૨૦૨૬ની ગતિ પર આધારિત છે અને ભારતની સાંસ્કૃતિક અને રમતગમતની શક્તિઓનું પ્રદર્શન કરે છે.

કોમનવેલ્થ સ્પોર્ટે જણાવ્યું છે કે ૨૦3૦ ની આવૃત્તિમાં ૧૫ થી ૧૭ રમતો હશે, જેનો સંપૂર્ણ કાર્યક્રમ આવતા વર્ષે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ રમતોનો ઉદ્દેશ્ય કોમનવેલ્થ રમતગમત પરંપરાની સદીની ઉજવણી કરતી વખતે રમતવીરો અને સમુદાયોને એક કરવાનો છે.

# UNION CABINET DECISION

કેન્દ્રીય મંત્રીમંડળે આજે અંદાજે બે હજાર 781 કરોડ રૂપિયાની રેલવેની બે પરિયોજનાને મંજૂરી આપી છે.

મંત્રીમંડળની બેઠક અંગે વિગત આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, 141 કિલોમીટરની દેવભૂમિદ્વારકાના ઓખા અને કાનાલુસ ડબલિંગ રેલવે લાઈન માટે એક હજાર 457 કરોડ રૂપિયાને મંજૂરી અપાઈ છે. આ ડબલિંગથી દ્વારકાધીશ મંદિરને સરળ જોડાણ મળશે.

બંને પરિયોજના મહારાષ્ટ્ર અને રાજ્યના ચાર જિલ્લાને આવરી લેશે અને તેનાથી રેલવેના વર્તમાન જોડાણમાં 224 કિલોમીટરનો વધારો થશે. આ બહુવિધ પરિયોજના 585 જેટલા ગામના જોડાણમાં પણ વધારો કરશે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

# STATE SIR CAMPAIGN

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે હવે આગામી 29 અને 30 તારીખે રાજ્યના તમામ 182 વિધાનસભા મતવિસ્તારમાં તાલુકા સ્તરની શિબિર યોજાશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાની સૂચના મુજબ યોજાનારી આ શિબિરમાં મામલદાર, પ્રાન્ત કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. શ્રી શુક્લાએ આ શિબિરનો મહત્તમ લાભ મેળવી ગણતરીપત્રક ભરીને સુપરત કરવા લોકોને અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના મતદારો પોતાના વિધાનસભા મતવિસ્તારની કચેરીએ ગણતરી પત્રક જમા કરાવી શકશે. વર્ષ 2002ની મતદાર યાદીમાં તેમના નામ શોધવા પણ તેમને મદદ મળશે.

# PADYATRA PRARAMBH KARAMSAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, કેન્દ્ર સરકારે તાજેતરમાં દેશમાં લાગુ કરેલી નવી શ્રમ સંહિતા એ શ્રમિકોના અધિકારોના સદા હિમાયતી રહેલા સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ છે.

ત્રિપુરાના મુખ્યમંત્રી પ્રૉફેસર ડૉક્ટર માણિક સાહા સાથે આણંદમાં શાસ્ત્રી મેદાન ખાતે આજે "સરદાર ઍટ 150 યુનિટી માર્ચ" રાષ્ટ્રીય પદયાત્રાના સંબોધનમા તેમણે આ મુજબ જણાવ્યું. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતી નિમિત્તે યોજાઇ રહેલી આ પદયાત્રા એક ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ લોકો સમક્ષ મુકશે અને રાષ્ટ્રીય એકતાનો માર્ગ પણ પ્રશસ્ત કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે, કરમસદમાં સરદાર પટેલના નિવાસસ્થાનથી શરૂ થયેલી આ પદયાત્રા 11 દિવસમાં અંદાજે 150 કિલોમીટરથી વધુનું અંતર કાપીને છઠ્ઠી ડિસેમ્બરે સ્ટેચ્યૂ ઑફ યુનિટી કેવડિયા ખાતે પૂર્ણ થશે.

# NITIN GADKARI INSPECTION

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આજે પ્રગતિશીલ છ માર્ગીય શામળાજી-મોટાચિલોડા વિભાગનું નિરીક્ષણ કર્યું. તેમની સાથે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – NHAIના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

શ્રી ગડકરીએ હિમ્મતનગર નજીક CH 492 ખાતે મોતિપુરા ફ્લાયઓવર અને માજરા નજીક CH 524 ખાતે વાહન અંડરપાસ VUP જેવા મુખ્ય માળખાનું નિરીક્ષણ કર્યું. સાથે જ ગુણવત્તા, સલામતી અને અમલીકરણની ગતિનું મૂલ્યાંકન કરવા કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. ત્રણ રોડ ઓવરબ્રિજ સિવાય રાજમાર્ગ પરના તમામ માળખા માર્ચ 2026 સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

# BANDHARAN VANCHAN VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં પોડિઅમ ખાતે બંધારણ દિવસ નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને આમુખનું વાંચન કરાયું. રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત ઉપસ્થિત તમામ લોકોએ બંધારણના આમુખનું સામૂહિક વાંચન કર્યું.

# SNR LPG KAUBHAND

સુરેન્દ્રનગરમાં લીંબડી–ધંધુકા રાજમાર્ગ પર આવેલી એક રેસ્ટોરાંમાંથી અનધિકૃત LPG ગેસના 54 જેટલા બાટલા કબજે કરાયા. જિલ્લા પૂરવઠા અધિકારી અને ટુકડીએ આકસ્મિક તપાસ કરતાં એક લાખ 41 હજાર 900

રૂપિયાની કિંમતના ગેસના બાટલા તથા એક વાહન સહિત કુલ સાત લાખ 16 હજાર 900 રૂપિયાનો માલસામાન કબજે કર્યો હતો.

આ બાટલાનો અનધિકૃત સંગ્રહ અને વેચાણ થતું હોવાનું જિલ્લા પૂરવઠા અધિકારી એ. જી. ગજ્જરે જણાવ્યું.

(BYTE: A. G. GAJJAR, DISTRICU SUPPLY OFFICER)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CENTRAL TEAM IN RAJKOT

કેન્દ્રીય સચિવકક્ષાની ટીમે રાજકોટની મુલાકાત દરમિયાન વર્ષા ઋતુમાં થયેલી નુકસાનીનો તાગ મેળવ્યો.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં અધિક કલેક્ટરે કેન્દ્રીય ટીમને જિલ્લાના ખેતી, માર્ગ-મકાન, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCL વગેરે ક્ષેત્રમાં થયેલા નુકસાનની માહિતી આપી.

દરમિયાન કેન્દ્રીય ટીમે ઓચિંતી પરિસ્થિતિનો આયોજનબદ્ધ સામનો કરવા બદલ જિલ્લા વહીવટી તંત્ર અને તમામ સરકારી વિભાગના અધિકારીઓની પ્રશંસા કરી.

# DHOLERA BHAVNAGAR ACCIDENT

ધોલેરા–ભાવનગર રાજમાર્ગ પર આજે બે કાર વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે.

મળતી માહિતી મુજબ, મુંડી પાટિયા નજીક સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ચાર લોકોને હૉસ્પિટલ ખસેડાયા હતા. તેમાંથી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

# BHARUCH ACCIDENT

ભરૂચમાં એક અકસ્માતમાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, દહેજ તાલુકાની એક સોસાયટીમાં કડિયાકામ કરતા પરિવારના આ બંને બાળક રમતા હતા. તે દરમિયાન એક મશીનની અડફેટે આવતાં બંને બાળકના મોત નીપજ્યા છે. અકસ્માત બાદ ફરાર થયેલા મશીનના ચાલકની પોલીસે ધરપકડ કરી છે.

# MORBI DEMOLITION

મોરબી મહાનગરપાલિકા દ્વારા લીલાપર ચોકડી પાસે ગેરકાયદે દબાણ દૂર કરાયા. “વન વિક વન રોડ” ઝૂંબેશ હેઠળ આ કામગીરી દરમિયાન દુકાન, કાચા મકાન અને નડતરરૂપ છાપરા અને ઓટલાના દબાણ હટાવાયા હોવાનું મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરેએ જણાવ્યું.

(BYTE: SWAPNIL KHARE, COMMISSIONER, MMC)

# DEMOLITION IN STATE

ગાંધીનગરના અડાલજમાં દબાણ હટાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી. બાલાપીર ચોકડી વિસ્તારમાં નગર નિયોજન ત્રણ કચેરી હેઠળના કાર્યક્ષેત્રમાં આવેલા ધાર્મિકસ્થળનું દબાણ હટાવાયું છે. આ

કામગીરી દરમિયાન 60થી વધુ પોલીસ અધિકારી અને કર્મચારીનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આ તરફ, અમદાવાદમાં ઇસનપુર તળાવ આસપાસના અનધિકૃત 30 ટકા જેટલું દબાણ હટાવાતા અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે આ સ્થળની મુલાકાત લીધી. તેમણે સમગ્ર કામગીરીનું નિરીક્ષણ પણ કર્યું.

# SYED MUSHTAQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં આજે સર્વિસીઝ સામેની મેચમાં ગુજરાતની ટીમનો વિજય થયો છે. હૈદરાબાદના જિમખાના મેદાનમાં રમાયેલી મેચમાં ગુજરાતે ટૉસ જીતીને પહેલા બૉલિંગનો નિર્ણય કર્યો હતો.

ત્યારબાદ સર્વિસીઝ ટીમે નિર્ધારિત 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 182 રન બનાવ્યાં. ટીમ તરફથી સૌથી વધુ 60 રન ઑપનિંગ બૅટ્સમૅન ગૌરવ કોચરે કર્યા.

જવાબમાં ગુજરાતે 12 ઑવર ત્રણ બૉલમાં બે વિકેટે 183 રન બનાવી મેચ જીતી લીધી. ગુજરાત તરફથી સુકાની ઉર્વિલ પટેલે સૌથી વધુ અણનમ 119 રન કરતાં તેમને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.